# જાહેરનામું

## ફોજદારી કાર્યરીતી અધિનિયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.-૨) ની કલમ - ૧૪૪ અન્વયે કાઢેલ હુકમ નંબર વિ.શાખા "એચ" સેક્શન-૪૭૯/ ૨૦૧૯

હુકમ :

ગણેશોત્સવ દરમ્યાન ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓનું સ્થાપન કરી ભવ્ય ઉજવણી કરવામાં આવે છે અને તે પછી સરઘસ કાઢી નદી કે તળાવમાં પ્રતિમાઓનું વિસર્જન કરવામાં આવે છે. ચાલુ વર્ષે ગણેશ મહોત્સવ નિમિત્તે તા.૦૨/૦૯/૨૦૧૯ ના રોજ ભગવાનશ્રી ગણેશજીની પ્રતિમાઓની સ્થાપના થનાર છે અને તે પછી તા.૧૨/૦૯/૨૦૧૯ સુધીમાં ગણેશ વિસર્જન કરવામાં આવનાર છે.

પર્યાવરણ (એન્વાયરન્મેન્ટ પ્રોટેકશન) એક્ટ-૧૯૮૬ ની કલમ-૫ મુજબ ગુજરાત સરકારશ્રીના વન અને પર્યાવરણ ખાતાના પત્ર નં। ENV-10-2010-1004-E ની સુચના તેમજ નામદાર ગુજરાત તેમજ મહારાષ્ટ્ર હાઇકોર્ટની સુચનાથી આપેલ આદેશ મુજબ ગણેશોત્સવ દરમ્યાન પર્યાવરણને નુકશાન ન થાય તે હેતુથી સાવચેતીના પગલાં રૂપે નીચે મુજબના કૃત્યો ઉપર પ્રતિબંધ મુકવાનું જરૂરી જણાય છે.

આથી હું અમિતકુમાર વિશ્વકર્મા, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/સી.આર.સી./૧૦૮૨/૧૦૮૦/એમ. તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ફ.ક.અ./૧૦૮૮/૬૭૫૦/મ. અન્વયે ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ આથી હુકમ કરૂ છું કે,

### " પ્રતિબંધિત કૃત્યો "

(૧) શ્રી ગણેશજીની માટીની મૂર્તિ બેઠક સાહિતની "૯" ફુટ કરતા વધારે ઉંચાઈની બનાવવા, વેચવા, સ્થાપના કરવા તથા જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા ઉપર.

(૨) શ્રી ગણેશજીની પી.ઓ.પી.ની મૂર્તિઓ અને બેઠક સહિતની "૫" ફુટથી વધારે ઉંચાઈની બનાવવા, વેચવા, સ્થાપવા, જાહેર માર્ગ ઉપર પરીવહન કરવા અને નદી, તળાવ સહિતના કુદરતી જળસ્ત્રોતમાં વિસર્જન કરવા ઉપર.

(૩) મૂર્તિકારો જે જગ્યાએ મૂર્તિઓ બનાવવાની કામગીરી કરે છે, તે જગ્યા તથા વેચાણ માટે રાખે છે. તે જગ્યાની આજુબાજુ તથા નજીકમાં કોઈપણ પ્રકારની ગંદકી કરવા કે કોઈપણ પ્રકારની મૂર્તિ રોડ ઉપર જાહેરમાં ખુલ્લી રાખવા ઉપર તથા વધેલી તથા ખંડીત મૂર્તિઓને બિનવારસી હાલતમાં મુકવા ઉપર.

(૪) મૂર્તિઓની બનાવટમાં પાણીમાં સરળતાથી ઓગળી ન શકે તેવા ઝેરી કેમિકલયુકત રંગોનો ઉપયોગ કરવા ઉપર.

(૫) કોઈપણ ધર્મના લોકોની લાગણી દુભાય એવા કોઈ ચિન્હ કે નિશાની વાળી મૂર્તિઓ બનાવવા ખરીદવા તથા વેચવા ઉપર.

(૬) પરમીટમાં દર્શાવેલ રૂટ સિવાય અન્ય રૂટ ઉપર શોભાયાત્રા કાઢવા ઉપર.

(૭) પરમીટમાં દર્શાવેલ સ્થળ સિવાય અન્ય સ્થળ ઉપર વિસર્જન કરવા પર.

(૮) A,.M.C. ધ્વારા બનાવેલ કૃત્રિમ કુંડો સિવાયના જળ સ્ત્રોતોમાં વિસર્જન કરવા ઉપર.

**તમામ માટી તથા પી.ઓ.પી.ની મૂર્તિઓનું વિસર્જન A.M.C. દ્વારા બનાવેલ કૃત્રિમ કુંડોમાં કરવાનું રહેશે.**

**"પ્રતિબંધિત વિસ્તાર"**

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરની હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

**"પ્રતિબંધિત સમય"**

**તા. ૨૨/૦૮/૨૦૧૯ ના કલાક- ૦૦/૦૦ થી તા. ૧૩/૦૯/૨૦૧૯ ના કલાક- ૨૪/૦૦ સુધી.**

આ હુકમનો ભંગ કરનાર વ્યકિત ભારતીય દંડ સહીતાની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રીઓ /અધિક પોલીસ કમિશ્નરશ્રીના દરજ્જાથી પો.સ.ઇ. સુધીના હોદ્દા ધરવનાર તમામ અધિકારીશ્રીઓને આ જાહેરનામાનો ભંગ કરનાર ઇસમો સામે ઇ.પી.કો કલમ ૧૮૮ મુજબ ફરિયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આ હુકમની વ્યકિતગત રીતે દરેકને નોટીસોની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ. કરૂ છું. આ હુકમની જાહેર જનતાની જાણ સારૂં સ્થાનીક વર્તમાન પત્ર, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનનાં સિનિયર પોલીસ ઇન્સ્પેકટર, મદદનીશ પોલીસ કમિશ્નર, નાયબ પોલીસ કમિશ્નર તથા પોલીસ કમિશ્નર કચેરીનાં નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવી.

આજ તા.૨૨/ઓગસ્ટ/૨૦૧૯ ના રોજ મારી સહીં અને સિક્કો કરી આપેલ છે

પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

**( અમિતકુમાર વિશ્વકર્મા )**
**પોલીસ કમિશ્નર**
**અમદાવાદ શહેર.**